અપીલ અરજી નં.૧૦૩ તા.૧૩–૭–૦૯/૧૦

અરજદારઃ– શ્રી બાલમુકુંદ બાબુભાઈ અધ્વર્યુ
સામાવાળાઃ– (૧)ડે.કમિશ્નર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)
(૨)ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)
(૩)ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી અને (વરાછાઝોન)
(૪) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષયઃ–***આરટીઆઈ એકટ હેઠળ શ્રી બાલમુકુંદ બાબુભાઈ અધ્વર્યુ તા.૧૬–૬–૦૯ ની અરજીથી તા.૯–૨–૦૯ ના રોજ લાલજીનગર અડાજણ સ્થિત આવેલ '' લાયન્સ કલબ હોલ ભાડે રાખેલ તે દિવસે લાગત વોર્ડ ઓફિસના આરોગ્ય નિરીક્ષક ધ્વારા રૂા.૫૦૦/– વસુલ લેવા બાબત તેમજ તમામ ઝોનોમાં આ રીતે પાર્ટી પ્લોટ ખાતે રૂા.૫૦૦/– કયા કાયદાની કલમ હેઠળ વસુલ કરવામાં આવ્યા હોઈ તે અંગેની જાન્યુ.૨૦૦૯ થી પાર્ટી પ્લોટ ઝોનનું નામ વસુલ આવેલ પાર્ટીના નામની અરજી ની માહિતી નીલ રીપોર્ટ સહિતની માંગણી કરવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૧૩–૭–'૦૯ ની અપીલ અરજી નં.૧૦૩/૨૦૦૯–૧૦

શ્રી બાલમુકુંદ બાબુભાઈ અધ્વર્યુ તા.૧૬–૬–૦૯ ની અરજીથી તા.૯–૨–૦૯ ના રોજ લાલજીનગર અડાજણ સ્થિત આવેલ '' લાયન્સ કલબ હોલ ભાડે રાખેલ તે દિવસે લાગત વોર્ડ ઓફિસના આરોગ્ય નિરીક્ષક ધ્વારા રૂા.૫૦૦/– વસુલ લેવા બાબત તેમજ તમામ ઝોનોમાં આ રીતે પાર્ટી પ્લોટ ખાતે રૂા.૫૦૦/– કયા કાયદાની કલમ હેઠળ વસુલ કરવામાં આવ્યા હોઈ તે અંગેની જાન્યુ.૨૦૦૯ થી પાર્ટી પ્લોટ ઝોનનું નામ વસુલ આવેલ પાર્ટીના નામની અરજી ની માહિતી નીલ રીપોર્ટ સહિતની માંગણી કરવા બાબતે અન્ય ઝોનોમાં આ માહિતી નીલ છે તો ફકત રાંદરેઝોનમાંથી જ નાણા વસુલવામાં આવે છે? તેવા કારણસર નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૩–૭–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૧૮ તા.૨૦–૭–૦૯ થી ડે.કમિશ્નર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન),ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન),કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) કક્ષાએથી નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૧૦૫ તા.૨૭–૭–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં અરજદારને રૂા.૬/– ભર્યેથી માહિતી આપવામાંઅ ાવશે તેવો પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૧૦૫ તા.૨૧–૭–૦૯ થી અરજદારને લગભગ સપ્તાહના વિલંબથી પાઠવ્યાની નકલ રજૂ કરેલ છે. ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન કક્ષાએથી વેસ્ટઝોન/આરટીઆઈ/આ. નં.૨૨૯ તા.૨૮–૭–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં તેમના પત્ર નં. વેસ્ટ/આરટીઆઈ/આ.નં.૧૭૬ તા.૩–૭–૦૯ થી અરજદારને પૂરી પાડેલ માહિતીની નકલ રજૂ કરેલ છે. કાર્યપાલક ઈજનેર અને મ.જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોન તરફથી નોર્થઝોન/આ.નર૬૪૩ તા.૨૮–૭–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન કક્ષાએથી નં.સા.ઝોન/૨૯૭ તા.૨૧–૭–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે.

અરજદારની તા.૧૬–૬–૦૯ ની અરજીથી તા.૯–૨–૦૯ ના રોજ લાલજીનગર અડાજણ સ્થિત આવેલ '' લાયન્સ કલબ હોલ ભાડે રાખેલ તે દિવસે લાગત વોર્ડ ઓફિસના આરોગ્ય નિરીક્ષક ધ્વારા રસીદ નં.૧૭૮૦૦૦ થી રૂા.૫૦૦/– વસુલ લીધા હતા મુદ્દા નં.૧ જે અંગે સક્ષમ સત્તા ધ્વારા નોંધ કે પરિપત્ર કાઢવામાં આવ્યો તો તેની નકલ કાયદાની કલમ ટાંકીને, મુદ્દા નં.૨ જે તે ખાતાના વિભાગીય વડા પાસે પૈસા વસુલ લેવા અંગે લેખિતમાં હુકમ, નોંધ કે પરિપત્ર હોય તો તેની નકલ, મુદ્દા નં.૩ સ્થળ ઉપર વસુલ કરવામાં આવેલ રૂા૫૦૦/– અંગે કયા અધિકારીનો લેખિત હુકમ હતો? અને તે કયા કાયદાની કલમ હેઠળ વસુલ કરવામાં આવ્યા? જયારે કોઈ પણ ગંદકી કે રસ્તાનું દબાણ કર્યુ ન હોય છતાં આટલી મોટી રકમની વસુલાત કરવામાં આવી તેનો સબંધિત અધિકારી પાસે લેખિતમાં સ્પષ્ટતા કરવી.મુદ્દા નં.૪ સુરત મહાનગરપાલિકાના સમાવિષ્ટ સેન્ટ્રલ ઝોન, વરાછાઝોન, ઉધનાઝોન, લીંબાયતઝોન, અઠવાઝોન, કતારગામઝોન અને રાંદેરઝોનમાં મ્યુ. દફતરે નોધાયેલ પાર્ટી પ્લોટમાંથી આ રીતે રૂા.૫૦૦/– કયા કાયદાની કલમ હેઠળ વસુલ કરવામાં આવ્યા હોય તે અંગે જાન્યુ.૨૦૦૯ થી આજ દિન સુધીની માહિતી પાર્ટી પ્લોટ ઝોનનું તેમજ વસુલ આવેલ પાર્ટીના નામની યાદી માહિતી રજૂ કરવી અને આ રીતે અન્ય ઝોનમાં ઉઘરાવતા ન હોય તો નીલ રીપોર્ટ પણ અચૂક રજૂ કરવો. તેવી માહિતી અરજદાર તરફથી માંગવામાં આવેલ છે. ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી મુદ્દા નં.૧ થી ૩ ના જવાબ અંગે વેસ્ટઝોન/આરટીઆઈ/૧૭૬ તા.૩–૭–૦૯ થી મે.કમિશ્નરશ્રીના આદેશાનુસાર પાર્ટી પ્લોટ લગ્નની વાડીના સ્થળે મુકવા અંગે વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવે છે. મે. કમિશ્નરશ્રીના મીનીટસની નકલ રૂા.૮/– ભર્યેથી મળી શકશે. જયારે મુદ્દા નં.૪ અંગે રાંદેરઝોન મ્યુ. દફતરે નોંધાયેલ પાર્ટીપ્લોટમાંથી આ રીતે રૂા.૫૦૦/– વસુલવા જાન્યુ.–૯થી આજ દિન સુધી માહિતી પાર્ટીનું નામ, સરનામું અને તારીખ વાઈઝની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે જેની

નકલ અત્રે રજૂ કરેલ છે. જેમાં અરજદારના

તા.૯–૨–૦૯ ના રોજ વસુલ કરેલ વહીવટી ચાર્જનો સમાવેશ થયેલ છે. જયારે અન્ય ઝોન લીંબાયત, અઠવા અને સેન્ટ્રલ ઝોન ના જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અનુક્રમ પત્ર નં.૯૩૭ તા.૨૫–૬–૦૯, પત્ર નં.૨૩૫ તા.૨–૭–૦૯, અને પત્ર નં.૪૩૧ તા.૯–૭–૦૯ થી મુદ્દા નં.૪ અંગે માહિતી નીલ હોવાનું જણાવેલ છે. જયારે વરાછાઝોન તરફથી પત્ર નં.૧૦૫ તા.૨૧–૭–૦૯ થી રૂા.૬/– ભરપાઈ કર્યેથી માહિતી પૂરી પાડવામાં આવશે. તેવો પ્રત્યુત્તર નિયત સમય અવધિ બાદ પાઠવ્યાની નકલ રજૂ કરેલ છે. ઉધનાઝોનના જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ૮ વ્યકિતઓના તારીખ અને રસીદ નંબર સાથેની માહિતી પત્ર નં.૨૯૭ તા.૨૧–૭–૦૯ થી પૂરી પાડવામાં આવેલ છે જેની નકલ અત્રે રજૂ કરેલ છે. કતારગામઝોનના જાહેર માહિતી અધિકારી તરફથી પ્રશ્ન નં.૧ અંગે કમિશ્નરશ્રીના આદેશાનુસાર પાર્ટી પ્લોટ, લગ્નની વાડીના સ્થળે માંગણી પ્ર માણે કન્ટેનર મુકીને ૫૦૦/– વહીવટી ખર્ચ પેટે વસુલ કરવામાં આવે છે. મુદ્દા નં.૨ અને ૪ લાગુ પડતો નથી તથા મુદ્દા નં.૪ અં ગે જાન્યુ.૨૦૦૯ થી વોર્ડના નામ, અરજદારનુ નામ, રસીદ નંબર અને વસુલાત અંગેની વિગતો અંગેનું પત્રક તથા કુલ્લે થયેલી વસુલાત રૂા.૧૫૦૦૦/– જણાવવામાં આવેલ છે. આ રીતે અરજદારને તમામ ઝોન તરફથી લાગુ પડતી માહિતી પૂરી પાડવામાં આવેલ જણાય છે. પરંતુ જાહેર માહિતી અધિકારી તરફથી વરાછાઝોન તથા રાંદેરઝોન અને અરજદાર તરફથી સદર ઝોનમાંથી માહિતી મેળવ્યા અંગેની કોઈ વિગતો અપીલ તબકકે પણ પૂરી પાડવામાં આવેલ નથી. અરજદારે અપીલમાં કતારગામઝોન, ઉધનાઝોન અને વરાછાઝોનની માહિતી આપેલ નથી તથા સેન્ટ્રલ ઝોન, અઠવાઝોન અને લીંબાયતઝોને માહિતી નીલ બતાવેલ છે.કયા કારણસર રાંદેરઝોનમાંથી નાણા વસુલવામાં આવે છે તથા અન્ય ઝોનને આ ધારો લાગુ પડતો નથી? પરિપત્રની નકલ મને મળી નથી તેથી મારો અપીલ હક ઉભો રાખવો સુરત મહાનગરપાલિકા ધ્વારા તમામ ફરીયાદની નકલ મોકલેલ હોવા છતાં વારંવાર ફરીયાદોની નકલો રજૂ કરવી ખોટો ખર્ચ ના થઈ શકે તેવી રજૂઆત કરેલ છે.કતારગામઝોન, વરાછાઝોન અને ઉધનાઝોન ધ્વારા અનુક્રમે પત્ર નં.૨૩૩૬ તા.૧૬–૭–૦૯, પત્ર નં.૧૦૫ તા.૨૧ –૭–૦૯, પત્ર નં.૨૯૭ તા.૨૧–૭–૦૯ થી અરજદારને પત્ર પાઠવ્યાની નકલ અત્રે રજૂ કરેલ છે જેથી માહિતી નહીં મોકલ્યાનો પ્રશ્ન રહેતો નથી. અન્ય ઝોનમાં આ ધારો લાગુ નથી પડતો? તે અંગે પણ સદરો ઝોનમાં તેવી વસુલાત થઈ હોવાની વિગતો અરજદારને પૂરી પાડેલ અત્રે રજૂ કરેલ પત્ર પરથી જણાય છે. તેમજ ફરીયાદની નકલો અંગે મુળ અરજીથી અપીલ તબકકે અલાયદી રજૂઆત કરવામાં આવેલ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૬–૬–૦૯ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી રાંદેરઝોને અંશતઃ માહિતી પૂરી પાડેલ છે જયારે અંશતઃ માહિતી રૂા.૮/– ભરપાઈ કર્યેથી અરજદારને પૂરી પાડવા તૈયારી દર્શાવતો પત્ર સમય મર્યાદામાં પાઠવેલ હોઈ અરજદાર સદર માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ નિયત ફી ભરપાઈ કરી મેળવી લેવા સ્વતંત્ર છે. જયારે વરાછાઝોને રૂા.૬/– ભરપાઈ કર્યેથી માહિતી પૂરી પાડવાનું જાહેર માહિતી અધિકારીએ સમય મર્યાદા બાદ જણાવેલ છે. આથી અરજદારે આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ સદર માહિતી વિના મૂલ્યે અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.

અન્ય ઝોન ધ્વારા આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ દફતરી હકીકતલક્ષી માહિતી અરજદારને પૂરી પાડેલ હોય તે બાબતે કોઈ તકરારને સ્થાન નથી. અરજદાર ફરીયાદોની નકલો બાબતે જે તે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા માટે સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ : –૮ – ૦૯

ડે.***કમિશ્નર(જનરલ),***<br>
***અને એપેલેટ ઓફિસર***<br>
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) )ડે.કમિશ્નર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન),ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન),ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન),કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી બાલમુકંદ બી. અધ્વયુ